RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 127 * Date: 28.2.2026,Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# અફઘાનિસ્તાનનો દાવો- ઈસ્લામાબાદમાં ઘૂસીને એરસ્ટ્રાઈક કરી, પાકિસ્તાને કહ્યું- અમે ૨૭૪ લડાકૂ માર્યા





પાકિસ્તાન અને અફઘાનિસ્તાન યુદ્ધ તરફ આગળ વધી રહ્યા હોય તેમ બંને દેશોએ એકબીજાના સૈન્ય ઠેકાણાઓ પર ભયાનક હવાઈ હુમલા કર્યા છે. અફઘાનિસ્તાને દાવો કર્યો કે તેણે પાકિસ્તાનના અનેક શહેરોમાં એરસ્ટ્રાઈક કરીને ભારે નુકસાન કર્યું છે, જેમાં ૫૫ પાક. સૈનિકો માર્યા ગયા છે, તો બીજીતરફ પાકિસ્તાને પણ ૨૭૪ તાલિબાની લડાયકો માર્યા ગયાનો દાવો કર્યો છે.અફઘાનિસ્તાનના ડેપ્યુટી પ્રવક્તા હમદુલ્લા ફિતરતે દાવો કર્યો છે કે, અફઘાન એરફોર્સે પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદ સહિત નૌશેરા, જમરુદ અને એબટાબાદમાં આવેલા સૈન્ય મથકો પર એરસ્ટ્રાઈક કરીને ભારે નુકસાન પહોંચાડ્યું છે. આ કાર્યવાહી ગુરુવારે રાત્રે કાબુલ, કંધાર અને પક્તિયામાં પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવેલા હુમલાના જવાબમાં કરવામાં આવી હોવાનું અફઘાનિસ્તાને જણાવ્યું છે.

પાકિસ્તાની સૈન્ય પ્રવક્તા અહેમદ શરીફ ચૌધરીએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન શહેબાઝ શરીફના નિર્દેશ હેઠળ ચલાવવામાં આવેલા ઓપરેશનમાં અફઘાનિસ્તાનના ૨૨ સૈન્ય ઠિકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા છે. આ હુમલાઓમાં અંદાજે ૨૭૪ તાલિબાની લડાયકો માર્યા ગયા હોવાનો દાવો પાકિસ્તાને કર્યો છે. જોકે, પાકિસ્તાને સ્વીકાર્યું છે કે આ સંઘર્ષમાં તેમના પોતાના ૧૨ સૈનિકોએ પણ જીવ ગુમાવ્યો છે.બીજી તરફ અફઘાન સંરક્ષણ મંત્રાલયે અલગ આંકડા આપતા જણાવ્યું છે કે, તેમના વળતા હુમલામાં ૫૫ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા છે અને તેમણે ૧૯ ચોકીઓ તેમજ બે સૈન્ય બેઝ પર કબજો જમાવી લીધો છે. અફઘાનિસ્તાનનો આરોપ છે કે પાકિસ્તાની હુમલામાં નિર્દોષ મહિલાઓ અને બાળકોના મોત થયા હતા, જેના જવાબમાં તેમણે ડૂરન્ડ લાઈન પાર કરીને આકરી સૈન્ય કાર્યવાહી કરી છે. આ ઓપરેશન દરમિયાન અફઘાન સેનાએ પાકિસ્તાની સેનાના હથિયારો અને દારૂગોળો પણ જપ્ત કર્યો હોવાનો દાવો કર્યો છે.

## કોલકાતામાં ૫.૫ની તીવ્રતાનો ભારે ભૂકંપ, લોકો ડરને લીધે ઘર-ઓફિસોની બહાર દોડ્યા

કોલકાતા અને તેની આસપાસના વિસ્તારોમાં શુક્રવારે બપોરે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજી(દ્રઝજી)ના જણાવ્યા અનુસાર, બપોરે અંદાજે ૧:૨૨ વાગ્યે આવેલા આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૫ નોંધાઈ હતી. ભૂકંપના આંચકા એટલા તેજ હતા કે લોકો ડરના માર્યા પોતાના ઘર અને ઓફિસોની બહાર દોડી આવ્યા હતા. ખાસ કરીને બહુમાળી ઈમારતોમાં રહેતા લોકોમાં ભારે ગભરાટ જોવા મળ્યો હતો.

અમેરિકન જીઓલોજિકલ સર્વે(જીય્જી) મુજબ, ભૂકંપનું કેન્દ્રબિંદુ પશ્ચિમ બંગાળના ટાકીથી ૨૬ કિમી દક્ષિણ-પૂર્વમાં નોંધાયું છે. આ ભૂકંપ જમીનથી માત્ર ૯.૮ કિમીની ઊંડાઈએ આવ્યો હોવાથી તેની અસર ખૂબ જ તીવ્રતાથી અનુભવાઈ હતી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર લોકો પોતાના અનુભવો શેર કરી રહ્યા છે, જેમાં કેટલાક લોકોએ જણાવ્યું કે તેમણે જીવનમાં પહેલીવાર આટલા ભયાનક આંચકા અનુભવ્યા છે.



રાહતની વાત એ છે કે અત્યાર સુધી કોઈ જાનહાનિ કે મોટા નુકસાનના સમાચાર સામે આવ્યા નથી, પરંતુ તંત્ર દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. કોલકાતા ઉપરાંત પાડોશી જિલ્લાઓમાં પણ આ આંચકા અનુભવાયા હોવાના અહેવાલો છે. ભૂકંપ બાદ લોકોમાં અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો અને સુરક્ષાના કારણોસર લોકો લાંબો સમય સુધી ખુલ્લા મેદાનમાં ઉભેલા જોવા મળ્યા હતા.

## અફઘાનિસ્તાનનું પાકિસ્તાન વિરુદ્ધ યુદ્ધ શરૂ ! ૧૫ પોસ્ટ પર કબજો, અનેક સૈનિકોને માર્યાનો દાવો

અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે ફરી ભયાનક ઘર્ષણ શરૂ થઈ ગયું છે. પાકિસ્તાની સેનાએ હવાઈ હુમલા કર્યા બાદ વળતો જવાબ આપી અફઘાન સુરક્ષા દળોએ પૂર્વ દિશામાં આવેલા રાજ્યોમાં ઘર્ષણ શરૂ કરી દીધું છે. અફઘાનિસ્તાનની સેનાના ખાલિદ બિન વલીદ કૉર્પ્સના પ્રવક્તાએ આ માહિતી આપી છે. અફઘાન સરકારે દાવો કર્યો છે કે, તેણે પાકિસ્તાનની ૧૫ સરહદી પોસ્ટો પર કબજો કરી લીધો છે, જેમાં અનેક પાકિસ્તાની સૈનિકોના મોત થયા છે અને કેટલાકને પકડી લેવામાં આવ્યા છે.




પાકિસ્તાને તાજેતરમાં જ અફઘાનિસ્તાન પર એરસ્ટ્રાઈક કરી હતી, જેના જવાબમાં આ કાર્યવાહી કરાઈ હોવાનો પ્રવક્તાએ દાવો કર્યો છે. તેમણે કહ્યું છે કે, તેમના દેશે પાકિસ્તાની સરહદ પાસે મોટાપાયે સૈન્ય અભિયાન શરૂ કરી દીધું છે. તેમણે આક્ષેપ કર્યો છે કે, પાકિસ્તાની સેનાએ વારંવાર ઉશ્કેરણીજનક કાર્યવાહી કરી ઉલ્લંઘન કર્યું છે, જેના જવાબમાં વિવાદાસ્પદ ડુરંડ લાઈનની આસપાસ મોટાપાયે સૈન્ય કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.અફઘાનિસ્તાની સેનાએ એક સાથે કાર્યવાહી કરીને પાકિસ્તાની સરહદી ચોકીઓને નિશાન બનાવી છે. અફઘાનિસ્તાન સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે, ખોસ્ત, પકતિયા અને નૂરિસ્તાન રાજ્ય સહિત અનેક વિસ્તારોમાં પાકિસ્તાન સેના વિરુદ્ધ કાર્યવાહી ચાલી રહી છે. હાલ બંને દેશો વચ્ચે સ્થિતિ તંગ બની છે. બીજીતરફ આ ઘર્ષણમાં મૃત્યુઆંકનો કે લડાઈ મામલે કોઈ સ્પષ્ટ માહિતી સામે આવી નથી, પરંતુ નિવેદનથી સંકેત મળ્યા છે કે, આ કોઈ નાનું ઘર્ષણ નથી.

## ગાંધીનગરના સેક્ટર-૧૩માં માથાભારે ચરસીનો આતંકઃઅશ્લીલ ગીતો બંધ કરવાનું કહેતા રહીશો પાછળ કૂતરાને દોડાવ્યો

ગાંધીનગરના સેક્ટર-૧૩ છ વિસ્તારમાં ૨૬ ફેબ્રુઆરીની રાત્રિ એક શખસે આતંક મચાવી આખા પ્લોટ વિસ્તારને બાનમાં લીધો હતો. ધો.૧૦ની બોર્ડની પરીક્ષાઓ ચાલતી હોવાથી બાળકોના અભ્યાસમાં ખલેલ ન પહોંચે તે માટે અશ્લીલ ગીતો બંધ કરાવવા ગયેલા પાડોશીઓ પર ચરસી માનસિંહ ધર્મેન્દ્રસિંહ પરમાર નામના શખસે પાળતું કૂતરો પાછળ દોડાવતા રહીશોમાં નાસભાગ મચી ગઈ હતી.

એટલું જ નહીં તેણે રહીશોને ચપ્પુ બતાવી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. આ ઉપરાંત યુવતીની છેડતી કરી હોવાનું પણ સામે આવતા સેક્ટર ૭ પોલીસે જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે.ગાંધીનગર સેક્ટર ૧૩/એ, પ્લોટ નંબર ૬૬૪/૧ માં રહેતા અરવિંદભાઈ અને તેમના પડોશીઓ અનિલભાઈ, જીતેન્દ્રભાઈ, પ્રમોદરાય, પાર્થ અને હસમુખભાઈ ચોકમાં બેઠા હતા. આ દરમિયાન સામેના પ્લોટ નં-૬૬૨/૨ માં રહેતા




માનસિંહ ધર્મેદ્રસિંહ પરમારે પોતાના ઘરે અત્યંત ઉંચા અવાજે સાઉન્ડ સિસ્ટમ પર અશ્લીલ ગીતો વગાડવાનું શરૂ કર્યું હતું. આથી અરવિંદભાઈ સહિતના વસાહતીઓ બાળકોની પરીક્ષા ચાલતી હોવાથી માનસિંહને વિનંતી કરવા ગયા હતા.

રહીશોએ કહ્યું હતું કે, છોકરાઓની પરીક્ષા છે, વાંચવામાં તકલીફ પડે છે, માટે ટેપ બંધ કરો. ત્યારે આટલી વાત સાંભળતા જ માનસિંહ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને બિભત્સ ગાળો બોલવા લાગ્યો હતો. બાદમાં માનસિંહે પોતાના ઘરમાં બાંધેલો પાળતું કૂતરો ચોકમાં છોડી મુકતા રહીશોમાં નાસભાગ મચી ગઈ હતી. જેથી બધા જીવ બચાવવા પોતાના ઘરમાં ભરાઈ ગયા હતા. ત્યારબાદ પણ સંતોષ નહી થતા માનસિંહ હાથમાં તીક્ષ્ણ ચપ્પુ જેવું હથિયાર લઈને જાહેરમાં ચીકમાં ધસી ગયો હતો.માનસિંહ બૂમો પાડી ધમકી આપી હતી કે, જો ફરીથી મારા ઘરે આવ્યા તો બધાને જાનથી મારી નાખીશ અને મારા કૂતરાથી કરડાવી ફાડી ખવડાવીશ. આ ઘટનાના પગલે અત્રેના વિસ્તારના રહીશોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. આ મામલો વધુ બિચકતા વસાહતી સુનિલભાઈ સાકરીયાએ તાત્કાલિક પોલીસ કંટ્રોલ રૂમ પર ફોન કરી પોલીસને જાણ કરી હતીઆ હંગામા દરમિયાન પાડોશમાં રહેતી યુવતીએ ચોંકાવનારો ખુલાસો કર્યો હતો કે, બે દિવસ પહેલા જયારે તે નોકરીથી પરત ફરી રહી હતી, ત્યારે માનસિંહે રસ્તામાં તેનો હાથ પકડી રોકી રાખો અભદ્ર વર્તન કરી છેડતી કરી હતી.

જોકે, માનસિંહના ઝનુની અને માથાભારે સ્વભાવને કારણે અત્યાર સુધી કોઈ તેની સામે બોલવાની હિંમત કરતું નહોતું. પરંતુ આ વખતે તેણે તમામ હદો વટાવી દેતા તમામ રહીશોએ એકઠા થઈ કડક કાર્યવાહીની માગ કરી હતી. જેના પગલે પોલીસે માનસિંહ પરમારને જેલના સળિયા ગણતો કરી દીધો છે.

ઉપરાંત મનપાની ટીમ પણ તેના ખુંખાર કૂતરાને પકડી લઈ ગઈ છે.

### ગાંધીનગર સખી વન સ્ટોપ સેન્ટરની માનવીય સંવેદનાઃ

## ૨૦ દિવસથી વિખૂટી પડેલી માનસિક અસ્વસ્થ યુવતીનું પિતા સાથે મિલન કરાવ્યું

ગાંધીનગરના સખી વન સ્ટોપ સેન્ટરે માનવીય અભિગમ અપનાવીને એક ૨૦ વર્ષીય માનસિક અસ્વસ્થ યુવતીને તેના પરિવાર સાથે મેળવી આપીને સમાજમાં સુરક્ષા અને સેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

ગત ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સેક્ટર-૭ પોલીસ સ્ટેશન દ્વારા એક અસહાય યુવતીને સખી વન સ્ટોપ સેન્ટર ખાતે લાવવામાં આવી હતી. ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય હેઠળ કાર્યરત આ સેન્ટર પીડિત મહિલાઓ માટે આશાનું કિરણ બન્યું છે.સેન્ટરના નિષ્ણાત સ્ટાફ દ્વારા જ્યારે યુવતીનું કાઉન્સેલિંગ શરૂ કરવામાં આવ્યું ત્યારે અનેક પડકારો સામે આવ્યા હતા. યુવતી પ્રશ્નોના સ્પષ્ટ જવાબ આપી શકતી નહોતી અને તેની વર્તણૂક પરથી તે માનસિક બીમારીથી પીડાતી હોય તેવું જણાયું હતું.તે પોતાના ઘરનું ચોક્કસ સરનામું આપવામાં પણ અસમર્થ હતી.કાઉન્સેલિંગ બાદ યુવતીએ જણાવ્યું હતું કે, લગ્નના ટૂંકા ગાળામાં પતિ દ્વારા શારીરિક ત્રાસ



અપાતા તેણે સાસરું છોડ્યું હતું અને પિતાના ઘરે જવા નીકળી હતી, પરંતુ રસ્તો ભટકી ગઈ હતી. માતાના અવસાન બાદ તેણે બાળ સંરક્ષણ ગૃહમાં અભ્યાસ કર્યો હતો. આ મહત્વની કડીના આધારે સખી સેન્ટરના સ્ટાફ દ્વારા ત્વરિત તપાસ કરવામાં આવી. બાળ સંરક્ષણ ગૃહની મદદથી તેના પિતાનું સરનામું શોધવામાં સફળતા મળી હતી.જ્યારે સ્ટાફ યુવતીને લઈને તેના ઘરે પહોંચ્યો, ત્યારે પિતા-પુત્રીના મિલનના દ્રશ્યો અત્યંત ભાવુક હતા. દીકરી તેના પિતાને વળગીને ધ્રુસકે ને ધ્રુસકે રડી પડી હતી અને હવે ક્યારેય તેમને છોડીને નહીં જાય તેવી લાગણી વ્યક્ત કરી હતી.પિતાએ જણાવ્યું હતું કે,દીકરી ૨૦ દિવસથી ગુમ હતી અને તેઓ તેની શોધખોળ કરી રહ્યા હતા. સેન્ટર દ્વારા યુવતીની માનસિક બીમારી માટે નિયમિત દવા અને સારવાર ચાલુ રાખવા સમજણ આપી. યુવતીએ સંબંધીઓ દ્વારા થતી હેરાનગતિની ફરિયાદ કરતા, સ્ટાફે પરિવારના સભ્યોને બોલાવી યુવતીની યોગ્ય સંભાળ રાખવા અને પરસ્પર સહકાર આપવા કડક સૂચના આપી છે.

# તંત્રી લેખ

## ગોલ્ડ લોન બીજા ક્રમનું સૌથી મોટું રિટેલ લોન સેગમેન્ટ

અમદાવાદ : લોકો સોના સામે વધુને વધુ ઉધાર લઈ રહ્યા છે. નાણાકીય વર્ષ ૨૦૨૬ ના ત્રીજા ક્વાર્ટરમાં, વ્યક્તિગત લોનને પાછળ છોડીને હાઉસિંગ લોન પછી ગોલ્ડ લોન બીજા ક્રમનું સૌથી મોટું રિટેલ લોન સેગમેન્ટ બન્યું હતું. ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં, ગોલ્ડ લોન પોર્ટફોલિયો ૧૬.૨ લાખ કરોડ હતો, જ્યારે પર્સનલ લોન ૧૫.૯ લાખ કરોડ હતી. દરમિયાન, આ સમયગાળા દરમિયાન હાઉસિંગ લોન સૌથી મોટો સેગમેન્ટ રહ્યો, જે આશરે ૪૩ લાખ કરોડ હતો.

મેક્વેરી કેપિટલના ડેટા અનુસાર, કન્ઝમ્પશન લોનમાં ગોલ્ડ લોનનું પ્રમાણ નાણાકીય વર્ષ ૨૪ ના પહેલા ક્વાર્ટરથી બમણું થઈ ગયું છે. નાણાકીય વર્ષ ૨૪ ના પહેલા ક્વાર્ટરમાં, ગોલ્ડ લોન કુલ ૭૮ લાખ કરોડની કન્ઝમ્પશન લોનના ૭.૨ ટકા હતી. નાણાકીય વર્ષ ૨૬ ના ત્રીજા ક્વાર્ટરમાં તેમનો હિસ્સો ૧૪.૩ ટકા સુધી વધી ગયો, જેનાથી કુલ વપરાશ લોન ૧૧૩.૫ લાખ કરોડ થઈ ગઈ હતી. એકંદરે, આ સમયગાળા દરમિયાન ગોલ્ડ લોનનો આધાર લગભગ ત્રણ ગણો વધી ગયો છે, જે નાણાકીય વર્ષ ૨૪ ના પહેલા ક્વાર્ટરમાં ૫.૬ લાખ કરોડ હતો

# ધમકીઓ સામે ઝુકી નહીં બહેનો, પાંચ દિવસના જંગ બાદ હડતાલ ખતમ પણ પ્રશ્નો યથાવત



## ઓછા પગારનો આક્રોશ: ધાનેરામાં બહેનોની હડતાલ સમાપ્ત, સરકાર સામે ગુસ્સો યથાવત

બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં આશરે ૩૦૦થી વધુ આંગણવાડી બહેનો દ્વારા સરકાર સામે પગાર વધારો, વધતા કામના ભાર અને વિવિધ ઓનલાઈન-ઓફલાઈન કામગીરીના દબાણ સામે શરૂ કરાયેલ વિરોધ પ્રદર્શન પાંચ દિવસ બાદ શુક્રવારે સમાપ્ત થયું હતું. બહેનોનો આક્ષેપ હતો કે તેમને ખૂબ ઓછા પગારમાં સતત ભારે જવાબદારીઓ નિભાવવી પડે છે, જેમાં ઈ-દ્વરૂઝ, ઈફ્, હ્લઈજી જેવી કામગીરી ઉપરાંત અન્ય સરકારી કામો પણ સામેલ છે. ઘણીવાર નેટવર્ક સુવિધા ઉપલબ્ધ ન હોવા છતાં કામગીરી પૂર્ણ કરવા માટે દબાણ કરવામાં આવે છે અને કામ અધૂરું રહે તો છૂટા કરવાની ધમકીઓ આપવામાં આવે છે.

હડતાલ દરમિયાન પરિસ્થિતિ ત્યારે વધુ તંગ જઇ રહી હતી ત્યારે સરકાર તરફથી હડતાળ પર રહેલી બહેનોને સેવા પરથી દૂર કરવાની નોટીસ આપવામાં આવી પણ હતી. આ સ્થિતિમાં આંગણવાડી સંઘના જિલ્લા પ્રમુખે સરકાર સામે પ્રતિકાત્મક વિરોધ કરવાના બદલે પાણીમાં બેસી ગયા હતા. આ ઘટનાએ સ્થાનિક સ્તરે ચર્ચા જગાવી હતી અને મુદ્દો વધુ ઉગ્ર બનવાની શક્યતા ઊભી થઈ હતી. જોકે, હાલ પુરતો ધાનેરાની બહેનો દ્વારા હડતાલ સમાપ્ત કરવાનો નિર્ણય લેવાયો. હડતાલના અંતિમ દિવસે ધાનેરા તાલુકા પંચાયત કચેરી ખાતે પૂર્વ ધારાસભ્ય નથાભાઈ પટેલ તેમજ તાજેતરમાં નિમાયેલા તાલુકા અને શહેર કોંગ્રેસ પ્રમુખો ઈશ્વરભાઇ ચૌધરી અને જયેશભાઇ સોલંકી બહેનોને મળવા પહોંચ્યા હતા. તેઓએ બહેનોની માંગણીઓને યોગ્ય ગણાવી સરકાર દ્વારા આંગણવાડી કાર્યકર્તાઓનું શોષણ થતું હોવાનો આરોપ લગાવ્યો હતો અને જરૂર પડે ત્યારે કોંગ્રેસ પક્ષ તેમની સાથે રહેશે તેવી ખાતરી આપી હતી. આ મુલાકાત દરમિયાન બહેનોને હિંમત અને સહકાર આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. બીજી તરફ, ફરજ પર હાજર થવા આવેલા કેટલાક કાર્યકર્તાઓમાં તેમના જ જિલ્લા સ્તરના નેતૃત્વ સામે અસંતોષ પણ જોવા મળ્યો હતો. ખાસ કરીને જિલ્લા પ્રમુખ ચંપાબેન અંગે કેટલાક કાર્યકર્તાઓએ નારાજગી વ્યક્ત કરી હતી, જેના કારણે આંતરિક મતભેદોની ચર્ચા પણ શરૂ થઈ છે. જોકે આ મુદ્દે સત્તાવાર પ્રતિસાદ મળ્યો નથી. હડતાલ સમાપ્ત થયા છતાં બહેનોના મૂળ પ્રશ્નો હજી અધૂરા જ છે. તેઓનું કહેવું છે કે ઓછા વેતનમાં સતત કામ કરાવવું, વિવિધ સરકારી કાર્યક્રમોમાં હાજરી માટે ફરજિયાત બોલાવવું અને પૂરતી સુવિધાઓ ન આપવી જેવી સમસ્યાઓ હજી યથાવત છે. આ કારણોસર બહેનોમાં સરકાર પ્રત્યે રોષ હજુ શાંત થયો નથી. સ્થાનિક લોકોમાં પણ ચર્ચા છે કે જો માંગણીઓનો યોગ્ય ઉકેલ નહીં આવે તો આવનારા સમયમાં ફરીથી વિરોધ ઉગ્ર બની શકે છે.

## ‘સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ અંતર્ગત રાજકોટ જિલ્લામાં છેલ્લાં એક વર્ષમાં ૬૫૯ વ્યક્તિગત શૌચાલયોના નિર્માણ સાથે ૧૦૦ ટકા લક્ષ્યાંક હાંસલ: ગ્રામ વિકાસ મંત્રી શ્રી કુંવરજી બાવળિયા

વિધાનસભા ગૃહમાં રાજકોટ જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ યોજનાની પ્રગતિ અંગે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં ગ્રામ વિકાસ મંત્રી શ્રી કુંવરજી બાવળિયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરેલી મહત્વકાંક્ષી યોજનાનો મુખ્ય હેતુ ગ્રામીણ વિસ્તારોને ખુલ્લામાં શૌચક્રિયાથી મુક્ત કરી સ્વચ્છતા અને જન-આરોગ્યમાં વધારો કરવાનો છે.મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકાઓમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ ૬૫૯ વ્યક્તિગત શૌચાલયો બનાવવાનો ભૌતિક લક્ષ્યાંક હતો, જેની સામે ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરી તમામ ૬૫૯ શૌચાલયો કાર્યરત કરવામાં આવ્યા છે. આ શૌચાલયોના નિર્માણ માટે છેલ્લા એક વર્ષમાં કુલ રૂ. ૭૯,૦૮,૦૦૦નો ખર્ચ કરવામાં આવ્યો છે.

યોજના અંતર્ગત દરેક લાભાર્થીને વ્યક્તિગત શૌચાલય બનાવવા માટે કુલ રૂ. ૧૨,૦૦૦ની સહાય આપવામાં આવે છે. જેમાં ભારત સરકારનો હિસ્સો ૬૦ ટકા એટલે કે રૂ. ૭,૨૦૦ અને રાજ્ય સરકારનો હિસ્સો ૪૦ ટકા એટલે કે રૂ. ૪,૮૦૦ છે. યોજનાના બીજા તબક્કામાં તમામ ૅ પરિવારો અને નિયત કરેલી પાંચ કેટેગરી ધરાવતા છૅ પરિવારોને સહાય આપવામાં આવે છે તેમ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું.

**સુશ્રી જે.એમ.મકવાણા મામલતદાર માલપુરની કોર્ટ**

જન્મ મરણ કેસ નં. ૧૯/૨૦૨૬

(૧) અરુણાબેન કનુભાઈ બાંભણીયા
ધર્મ: હિન્દુ, રહે. ટીસ્કી, તા. માલપુર, જિ. અરવલ્લી ............... અરજદાર

વિરુદ્ધ

(૨) રજીસ્ટ્રારશ્રી જન્મ-મરણ નોંધણી અને
ત.ક.મંત્રીશ્રી ટીસ્કી, તા. માલપુર, જિ. અરવલ્લી ............... સામાવાળા

વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે વિલંબથી જન્મ નોંધણી કરવા બાબત.

મહાશય,

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં અરજદારશ્રીએ તા. ૧૨/૦૨/૨૦૨૬ વાળી અરજીથી નામે અરુણાબેન કનુભાઈ બાંભણીયાના સંતાનો (૧) રવિકુમાર કનુભાઈ બાંભણીયા નો જન્મ તા. ૧૪/૦૮/૨૦૧૧ (૨) જાનકીબેન કનુભાઈ બાંભણીયા નો જન્મ તા. ૨૬/૦૮/૨૦૧૨ (૩) જાગૃતિબેન કનુભાઈ બાંભણીયા નો જન્મ તા. ૦૪/૦૫/૨૦૧૪ ના રોજ તેઓના ઘરે ટીસ્કી ખાતે કુદરતી રીતે થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જેની મુદત તા. ૨૬/૦૨/૨૦૨૬ ના રોજ ૧૨:૦૦ કલાકે હાજર રહેવાનું રહેશે. જે બાબતે કોઈ ઈસમોને વાંધો કે હરકત હોય તેઓએ આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૧૫માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહિ આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા. ૧૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી નોટીસ ઈસ્યુ કરી.

કોર્ટનો સિક્કો

(સહી)
(જે.એમ.મકવાણા)
એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, માલપુર

# ખેડબ્રહ્માના આગિયા ગામે અંગારા પર ચાલવાની અનોખી હોળી પરંપરા



સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના આગિયા ગામે હોળીના પવિત્ર દિવસે અનોખી અને આસ્થાભરી પરંપરા ઉજવાય છે. અહીં આદિકાળથી ધખધખતા અંગારાઓ પર ખુલ્લા પગે ચાલવાની પ્રથા ચાલી આવે છે, જે સમગ્ર વિસ્તારમાં આકર્ષણનું કેન્દ્ર બની રહે છે.

આગિયા ગામે આવેલ મહાકાળી માતાજીનું ચમત્કારિક મંદિર આ પરંપરાનું કેન્દ્રસ્થાન છે. માઈભક્તો માતાજીના આશીર્વાદ લઈને હોળીના દિવસે મંદિરમાં પ્રગટેલી પવિત્ર જયોતમાંથી હોળી પ્રગટાવે છે. પરંપરા મુજબ, પ્રજવલિત આગને ઠાકોર સમાજનો એક વ્યક્તિ હાથમાં લઈ હોળીની પાંચ વખત પ્રદક્ષિણા કરે છે, ત્યારબાદ મુખ્ય હોળી સળગાવવામાં આવે છે. મુખ્ય હોળીની આસપાસ અન્ય બે હોળીઓ પણ પ્રગટાવવામાં આવે છે. હોળી પ્રગટ્યા બાદ ગામમાં ગત એક વર્ષ દરમિયાન જન્મેલા બાળકોને તેમના સગા-સંબંધીઓ દ્વારા પાંચ અથવા અગિયાર વખત હોળીની પ્રદક્ષિણા કરાવવામાં આવે છે. આ વિધિ પૂર્ણ થયા પછી હોળી શાંત થવા દેવામાં આવે છે અને ત્યારબાદ તેના ધખધખતા અંગારાઓ પાથરવામાં આવે છે. માતાજીના જયઘોષ વચ્ચે માઈભક્તો પોતાના શરીર પર કોઈપણ જાતના આભૂષણ કે ચામડાની વસ્તુ પહેર્યા વગર ખુલ્લા પગે આ અંગારાઓ પર ચાલે છે. ભક્તોના જણાવ્યા મુજબ, આ સમયે તેમને પગમાં શીતળતાનો અનુભવ થાય છે અને કોઈપણ પ્રકારની ઈજા થતી નથી. આ ઘટના શ્રદ્ધા અને વિશ્વાસનો અનોખો ઉદાહરણ બની રહે છે.આ પરંપરા નિહાળવા આજુબાજુના ગામો ઉપરાંત રાજ્ય અને દેશ-વિદેશથી પણ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડે છે. લોકવાયકા મુજબ, આદિકાળમાં પાંડવો આ ગામે આવી રોકાયા હતા અને ત્યારથી હોળીની આ પરંપરા અવિરત ચાલી રહી છે. આગિયા ગામની હોળી માત્ર તહેવાર નહીં, પરંતુ શ્રદ્ધા, પરંપરા અને સંસ્કૃતિનો અનોખો મેળાપ બની સમગ્ર પંથકમાં વિશેષ સ્થાન ધરાવે છે.

# શ્રી જ્યોતિ વિદ્યાલયમાં ચતુર્વિધ કાર્યક્રમ ધામધૂમથી યોજાયો



ખેડબ્રહ્મા ખાતે સ્થિત શ્રી જ્યોતિ વિદ્યાલય ઉ.પ્રા.વિ.માં નિકુંજ ચૌહાણ દ્વારા શિલ્ડના દાતા સ્થાને શ્રેષ્ઠ વર્ગ, શ્રેષ્ઠ વિદ્યાર્થી, તેજસ્વી તારલા સન્માન તથા ધોરણ ૮ શુભેચ્છા કાર્યક્રમનો ભવ્ય આયોજન કરવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત મંગળમય પ્રાર્થનાથી કરવામાં આવી હતી. વિદ્યાર્થીનીઓએ સ્વાગત ગીત રજૂ કરી મંચસ્થ મહાનુભાવોને આવકારતા સૌમાં ઉત્સાહનું વાતાવરણ સર્જાયું હતું. આચાર્યશ્રી ધીરુભાઈએ શાબ્દિક સ્વાગત કરી કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી અને મહેમાનોને કાર્યક્રમના હેતુથી અવગત કર્યા હતા. ત્યારબાદ મહેમાનોને ફૂલછડી અને શાલ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૨૫-૨૬ માટે નક્કી કરાયેલા માપદંડો મુજબ પાત્રતા ધરાવતા ધોરણ ૮ ‘બ’ વર્ગને શ્રેષ્ઠ વર્ગ તરીકે પસંદ કરી શિલ્ડ એનાયત કરવામાં આવી હતી. ધોરણ ૬ થી ૮ સુધીના દરેક વર્ગમાંથી બે શ્રેષ્ઠ વિદ્યાર્થીઓની પસંદગી કરી તેમને શિલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ગત શૈક્ષણિક વર્ષ દરમિયાન દરેક વર્ગમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનાર તેજસ્વી તારલાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વર્ષ દરમિયાન યોજાયેલી સી.એ. પ્રવૃત્તિઓ તેમજ બેગલેસ ડેમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને પણ પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

# સ્માર્ટ સિટી અમદાવાદમાં સરકારી બસમાંથી ૧૦૦ લિટર ડીઝલની ચોરી, પોલીસ પેટ્રોલિંગના દાવા પોકળ




છેલ્લા કેટલાક દિવસથી અમદાવાદમાં ચોરીની ઘટનામાં વધારો થઈ રહ્યો છે. હવે બોપલમાં આવેલા લાલગેબી આશ્રમના કમ્પાઉન્ડમાં પાર્ક કરેલી જી્ બસને તસ્કરોએ નિશાન બનાવી છે. અહીં પાર્ક કરેલી જી્ બસમાંથી તસ્કરો ૧૦૦ લિટર જેટલું ડીઝલ ચોરી કરીને ફરાર થઈ ગયા છે. આ ઘટના અંગે બસના ડ્રાઈવરે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. જી્ ડ્રાઈવર પરસોત્તમકુમાર બારીયાએ આ ડીઝલ ચોરી અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે. જે મુજબ, ગત તારીખ ૨૧ ફેબ્રુઆરીએ તેઓ સુરત-અમદાવાદ-બોપલ રૂટની બસ લઈને આવ્યા હતા. તેમણે રાત્રિ રોકાણ માટે લાલગેબી આશ્રમ ખાતે બસ પાર્ક કરી હતી. આ પછી તેઓ અહીં જ એક ઓટલા પર સૂઈ ગયા હતા અને ગાઢ નિદ્રામાં હતા. જે બાદ વહેલી સવારે તેઓ બસ ઉપાડવા માટે જાગ્યા ત્યારે ટાંકીનું ઢાંકણ તૂટેલું જોવા મળ્યું હતું. જે બાદ બસમાં ડીઝલનો કાંટો પણ ઓછો બતાવતા જાણવા મળ્યું હતું કે, તસ્કરો ડીઝલ ટાંકી અને સેન્સરનું ઢાંકણ તોડી ટાંકીમાંથી ૧૦૦ લિટર ડીઝલ ચોરી ગયા છે. આ ઘટના અંગે ડ્રાઈવર અને કંડક્ટરે સાણંદ ડેપો અને સુરતની કચેરીએ જાણ કરી હતી. જે બાદ તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.પોલીસની ઢીલી નીતિ કારણ?આ ઘટના પરથી એક વાત સ્પષ્ટ છે કે અમદાવાદ જેવા સ્માર્ટ સીટીમાં જ્યાં ૨૪ કલાક પોલીસ પેટ્રોલિંગના દાવા થઈ રહ્યા છે. શહેરના દરેક ખૂણે ખાંચકે ઝઝૂફનો પહેરો છે તેમ છતાં ચોરો પોલીસને પડકાર ફેંકી સરળતાથી કોઈ ડર વગર ચોરી અને લૂંટની ઘટનાને અંજામ આપી રહ્યા છે. ક્યાંકને ક્યાંક પોલીસ જે નાની-નાની ચોરીની ઘટનાઓને અવગણી રહી છે તેનું જ આ પરિણામ હોઈ

# જાપાનમાં ઘટી રહેલા જન્મદરના ૧૦મા વર્ષે રેકોર્ડ, વધતી વસ્તી ચિંતાઓમાં સતત વધારો!

ટોક્યો,
ગુરુવારે જાહેર કરાયેલા સત્તાવાર આંકડા મુજબ, જાપાનમાં જન્મની સંખ્યામાં ૨૦૨૫ માં સતત ૧૦મા વર્ષે ઘટાડો થયો છે, જે વડા પ્રધાન સના તાકાચી માટે પડકારો દર્શાવે છે.
આરોગ્ય મંત્રાલયના પ્રારંભિક આંકડા દર્શાવે છે કે જાપાનમાં કુલ ૭૦૫,૮૦૯ બાળકોનો જન્મ થયો હતો, જે ૨૦૨૪ કરતા ૨.૧ ટકા ઓછો છે.
આ ડેટામાં જાપાનમાં જાપાની નાગરિકોના જન્મ, જાપાનમાં વિદેશી જન્મ અને વિદેશમાં જાપાની નાગરિકોના જન્મનો સમાવેશ થાય છે.
આ દરમિયાન, ૨૦૨૫ માં ૫૦૫,૬૫૬ યુગલોએ લગ્ન કર્યા, જે ૧.૧ ટકાનો વધારો છે, જ્યારે છૂટાછેડાની સંખ્યા ૩.૭ ટકા ઘટીને ૧૮૨,૯૬૯ કેસ થઈ છે
૨૦૨૪ કરતા ૧૩,૦૩૦ અથવા ૦.૮ ટકા ઓછા, ૧,૬૦૫,૬૫૪ મૃત્યુ થયા હતા.
આંતરિક બાબતોના મંત્રાલયે ફેબ્રુઆરી સુધીમાં જાપાનની કુલ વસ્તી ૧૨૨.૮૬ મિલિયન લોકો હોવાનો અંદાજ લગાવ્યો હતો, જે એક વર્ષ પહેલા કરતા ૦.૪૭ ટકા અથવા ૫૮૦,૦૦૦ ઓછો છે.
વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થામાં વિશ્વનો સૌથી ઓછો જન્મ દર અને ઘટતી અને વૃદ્ધાવસ્થા ધરાવતી વસ્તી છે.
આનાથી શ્રમની અછત, સામાજિક સુરક્ષા બિલમાં વધારો અને કર ચૂકવતા કામ કરતા લોકોમાં ઘટાડો સહિત અનેક સમસ્યાઓ ઊભી થઈ રહી છે.આનાથી જાપાનના મોટા દેવામાં વધારો થઈ રહ્યો છે. મુખ્ય અર્થતંત્રોમાં તે પહેલાથી જ સૌથી વધુ દેવું ગુણોત્તર ધરાવે છે.
ગયા વર્ષના આંકડા દર્શાવે છે કે ૧૦૦ કે તેથી વધુ ઉંમરના લોકોની સંખ્યા લગભગ ૧૦૦,૦૦૦ હતી, જેમાં લગભગ ૯૦ ટકા મહિલાઓ હતી.
ઘટતી વસ્તી ગ્રામીણ સમુદાયોને પણ નુકસાન પહોંચાડી રહી છે. જાપાનમાં ત્યજી દેવાયેલા ઘરોની સંખ્યા હવે લગભગ ચાર મિલિયન છે.
તાજેતરના એક અભ્યાસ મુજબ, ૪૦ ટકાથી વધુ નગરપાલિકાઓ લુપ્ત થવાનું જોખમ ધરાવે છે.દેશના પ્રથમ મહિલા વડા પ્રધાન તાકાચી સહિત - જાપાનના ક્રમિક નેતાઓએ જન્મદર વધારવાનું વચન આપ્યું છે પરંતુ મર્યાદિત સફળતા મળી છે.
ટોક્યોની શહેર સરકારે પોતાની ડેટિંગ એપ્લિકેશન વિકસાવી છે જેમાં વપરાશકર્તાઓને તેઓ સિંગલ હોવાનું સાબિત કરતા દસ્તાવેજો સબમિટ કરવા અને લગ્ન કરવા તૈયાર છે તે દર્શાવતા પત્ર પર સહી કરવાની જરૂર છે.
"ઘટતો જન્મદર અને ઘટતી વસ્તી એ કટોકટીની શાંત સ્થિતિ છે જે ધીમે ધીમે આપણા દેશની જીવનશક્તિને ખતમ કરશે," તાકાચીએ ગયા અઠવાડિયે સંસદમાં જણાવ્યું હતું.તાકાચીની શાસક લિબરલ ડેમોક્રેટિક પાર્ટી (ન્ઙ્ઘ) એ ૮ ફેબ્રુઆરીની ત્વરિત ચૂંટણીઓમાં બે તૃતીયાંશ બહુમતી જીતી હતી.
ઈમિગ્રેશનમાં વધારો જાપાનની ઘટતી વસ્તી અને શ્રમ બજારમાં સંકળાયેલી સમસ્યાઓને ઉલટાવી દેવામાં મદદ કરશે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO. 401**
વિષય. " હોળી ધૂળેટી "
શીર્ષક . " હવે તો આવ માધવ .... !"
પ્રકાર . પદ્ય
શબ્દો . ૧૩૫

માધવ .... !

રંગ બધાય લાગે બેરંગ
જયાર થી મળ્યો તારો સંગ ,

પ્રેમ - પ્રીતિ ની જાણુ ના રીત ,
હું તો ગાઉ બસ તારા જ ગીત ,

ફાગણ ફોરમતો , કેસૂડો મહેકતો આવ્યો ,
કોયલ ,પોપટ ને મોર ને પણ સાથે ટહૂકતાં લાવ્યો ,

જન્મો જન્મ ની પ્રીત છે માધવ ,
જગત જૂની રીત છે પ્રીતમ ,

હોળી - ધૂળેટી ના દિવસો આવ્યા
હવે તો તું આવ છોગાળા ,
તને નહીં , તારા થી રંગવા આવી છું વ્હાલા ,
કેમ રીઝાવું તને કરી કાલા - વહાલા ,

હવે આવ્યો જ છો તો લઈ જા તારી સાથે ,
ક્યાં સુધી આ જીવન નો બોજ લઈ ને ફરુ માથે ,

તને રંગી , તારા થી રંગાઈ ને તારા માં જ રંગાવું છે ,
હવે તો માધવ તારી સાથે જ રહીને તારા માં સમાવું છે .

દેવ્યાનીબા પ્રિયજિતસિંહ ગોહિલ
" દેવપ્રિયા "
વરતેજ
★★★★★★

**NOG SS NO. 401**
વિષય. " હોળી ધૂળેટી "
શીર્ષક . વિજોગણ
પ્રકાર . અછાંદસ
શબ્દો . ૯૮

આવ્યો આવ્યો રંગોનો ત્યોહાર વ્હાલા પ્રેમે વધાવીએ,
કુદરતે પણ છટા વિખેરી ધરા પર કેસુડાના રૂપે જુઓ.
ધરતી પણ કેસરિયા રંગે રંગાઈને થઈ ગઈ તૈયાર,
વનરાવન પણ ચોતરફથી હરખાઈ ઉઠયો કેવો જુઓ.
આબાલ વૃદ્ધ સૌ કોઈ મસ્તીમાં ડોલવા થઈ ગયા તૈયાર,
હોળી પ્રગટાવવાની કરી તૈયારી સૌએ સાથે મળીને જુઓ.
રાત આખી હોળીની જવાળા ઉઠશે કરશે લોક પૂજા એની,
વળતે દહાડે રંગોથી રમવા થનગની રહ્યા ઘેરૈયા જુઓ.
લાલ પીળો કેસરી વાદળી ગુલાબી લીલો સાથે કેસુડો,
કરવા પચરંગી સૌને ઘેરૈયા ધરે નીતનવા રૂપો જુઓ
કહે ચાંદની મને વ્હાલી ધુળેટી રંગે રમવાને આવે વાલમ,
હું બની બહાવરી વિજોગણ કેવી પ્રેમરંગે રંગાવા જુઓ.

ડૉ ભાવના એન જોષી ચાંદની વડોદરા
★★★★★★★

**NOG SS NO. - 0063**
વિષય - 'હોળી ધુળેટી '
પ્રકાર - ગદ્ય
શબ્દો - ૧૫૪
શીર્ષક - 'હેપ્પી હોળી...'
આ વર્ષે મહેનત રંગ લાવી હતી.
ના...ના
પરીક્ષા કે એવું કંઈ નહીં!
આતો હતું, રમુનાં માબાપનાં જીવતરની જદ્દોજહેદનું પરિણામ.
દિવાળીએ કોડિયા, ક્રિસમસમાં ટોપીઓ, ઉત્તરાયણે પતંગ અને આજે ધુળેટીના રંગ...

રમુ, ઝાડની બે ડાળીઓ વચ્ચે 'મા'ના સાડલાના ખોયામાં ઝુલતા ભાયકુ આગળ ઠેકડા મારતી ગઈ અને ખાલી પાથરણું ખંખેરતા વધેલા રંગની ચપટી ભાઈના અને પોતાના ગાલે લગાડી બોલી,
'હેપ્પી હોળી ભયકુ'.
' તું મારી ઉપર હસતો નહીં ભયકુ. આતો આજ અહીંથી નીકળતાં સૌ એકબીજાને કહેતા હતા.
તને ખબર ભયકુ, આજ ઓલા કલ્પનાદીદીય નીકળા'તાં. જેણે મારાં ચોપડાં વરસાદમાં તણાઈ ગયા તો નવા લઈ દીધાં'તાં અને કીધું 'તું કે ભણજે, હર વર્ષ લઈ દઈશ.
તને એક ખાનગી વાત કહું, બાઅનેબાપુ વાત કરતા'તાં કે, હવે આપણેંય સામેની ઝુંપડાંની ચાલમાં રહેવા જાશું.
દે..તાલી..
કેવી મજા...
તને ઘોડિયું મળશે. મારાં ચોપડા નહીં તણાય અને હું રાતે ત્યાં જ બેસીને ભણીશ. તુંયે ભણજે...
આપણે બેય ખૂબ ભણશું, પહેલો નંબર લાવશું, પૈસા કમાશું.
અને પછી..
ચારેય એકબીજાને રંગ લગાડીને કહેશું....
"હેપ્પી હોળી".

?? - રીટા ભાયાણી.
★★★★★★

**NOG NO.0059**
વિષય હોળી ઘૂળેટી
પદ્ય્ય શિર્ષક; 'ફાગણ
ખિલ્યો આજ'

ખિલ્યો ખિલ્યો કેશરિયો બાગ આજ

પ્યારે'સૌ આંખે ખિલે ફાગણ આજ

સોળે કળાએ ખીલે છે પ્રણય આજ

યૌવન પ્રેમી હ્દય નાચી ઉઠ્યુ આજ
હોળી ઘૂળેટી ના ગવાય ફાગ આજ
લાલ પિળો સાથ શોહે કેશરી આજ

બાળ યૂવાનો રંગે ભાભીને આજ

પ્રેમ મસ્તિ ઊમંગનો ઉત્સ્વ 'આજ'

સોળે કલાએ ખીલી મસ્તિ આજ

પ્યારે' ભાઈચારાનો ઉત્સ્વ છે 'આજ'

લેખક જયકાન્ત
ઘેલાણી
'પ્યારે'
બોરીવલી મુંબઈ.
★★★★★★★

**NOG SS NO - 191**
વિષય : હોળી નો તહેવાર
શીર્ષક : રંગીન હોવો જોઈએ...
પ્રકાર -પદ્ય શબ્દો : ૧૨૮
માહોલ છે મોજ મસ્તી નો, એ ના ગમગીન હોવો જોઈએ,
હોળી નો તહેવાર તો ખુબ સુરત ને રંગીન હોવો જોઈએ.

ઉલ્લાસ ના દરિયો ઊછળે ને વહે રંગો ની સરિતા મદઘેલી,
રંગો નો ચાહક ને રંગો નો રસિયો, શોખીન હોવો જોઈએ.

થઈ આંખો ચાર ફોરમતો ફાગણ ના યોવન ના અટકચાળે,
આ ફૂલગુલાબી મોસમ માં મિજાજ નમકીન હોવો જોઈએ.

યોવન ની ડાળે લટકી, ઓલી મંજરીઓ મહેકતી મુસ્કુરાતી,
કેસુડે રંગાતો, ભીંજાતો, ઉત્સવ ના ઉદાસીન હોવો જોઈએ.

પાંપણના પલકારે બેસી જોયા અમે શમણા સુંદર સુહાગી,
એની આંખનો ઉલાળો મદમસ્ત, ને હસીન હોવો જોઈએ.

ભુલી જશો તો પણ ભુલવા નહી દઈએ મેળાપ મતવાલો,
દિલ નો સોદો કર્યો છે તો દાવો જરા સંગીન હોવો જોઈએ.

"મિત્ર" તો શું ? શત્રુ પણ ગળે લગાવી કહે, 'હોલી મુબારક'
આપણી જીંદગીમાં એવો પણ પ્યારો દુશ્મન હોવો જોઈએ.

વિનોદ સોલંકી મિત્ર (લખતર).

# દિલ્હીના દારૂ ગોટાળા માં અરવિંદ કેજરીવાલ અને મનોજ સિસોદિયા ને કોર્ટ ની ક્લીન ચીટ

દિલ્હીમાં શાસક સરકારની નામોશી ભરી હાર અને આમ આદમી પાર્ટીના સુપ્રીમો અરવિંદ કેજરીવાલ તેમજ મનોજ સિસોદિયા ને કોર્ટે દારૂ ગોટાળા ના આક્ષેપમાં સંપૂર્ણ ક્લિન ચીટ આપી. શાસક સરકારના ભારતીય જનતા પાર્ટી પક્ષના પ્રવક્તાઓ અને કહેવાતા તજજ્ઞો દ્વારા આમ આદમી પાર્ટીના આ સુપ્રીમો એવા કેજરીવાલ અને તેમના રાજકીય નેતાઓ ઉપર અસંખ્ય ડિબેટ કરીને આખા દેશના જાણે ગુનેગાર હોય તેવા ચીતરવામાં શાસક સરકારે કશું જ બાકી રાખ્યું નહોતું પરંતુ જયારે ન્યાયિક પ્રક્રિયાની અંદર કોઈપણ આરોપો સાબિત થયા નહીં અને અંતે લગભગ બે વર્ષથી વધારે સમય સુધી મનોજ સિસોદિયાજીને જેલવાસ પણ ભોગાવો પડ્યો અરવિંદ કેજરીવાલજીએ પણ જેલવાસ ભોગવ્યો અને છેવટે કાયદાકીય રીતે તેમને ક્લીન સીટ મળી આ ભારત દેશની ન્યાય પ્રક્રિયાએ તેમને ન્યાય આપ્યો તે વાત તો સાચી પરંતુ શાસકો મન ફાવે તેમ કાયદાનો ઉપયોગ કરીને કોઈપણ વ્યક્તિને ગમે તે રીતે કાનૂની રીતે ફસાવીને જેલમાં નાખીને તેમની જિંદગીમાં કાળા ડાઘ લગાવી શકે તેનો આ એક એવો કિસ્સો બુદ્ધિજનો માટે સાબિત થયો છે કે દેશની આવી ગંદી અને હલકી કક્ષાની રાજનીતિ કરતા શાસકો માટે ખૂબ શરમજનક બાબત છે અને પ્રજાને આ કિસ્સાથી રાજકીય લાલ બત્તી બતાવી હોય તેવું દેખાઈ રહ્યું છે. અરવિંદ કેજરીવાલજી મીડિયા સમક્ષ આ કિલનચીટ મળ્યા પછી પ્રતિક્રિયા આપતા ધ્રુસકે અને ધ્રુસકે રડી પડ્યા હતા અને કહ્યું હતું કે મારી ઉપર ષ યંત્રો કરવામાં મોદીજીએ અને અમિત શાહ એ અમને ખોટા ચીતરવામાં કંઈ પણ બાકી રાખ્યું નથી અને ભાજપના તમામ લોકો મારી પાછળ પડી ગયા હતા. હું એક સાચો અને ઈમાનદાર છું એ અંતે મને કોર્ટે ન્યાય આપીને સાબિત કર્યું છે. જયારથી દિલ્હીની પાલિકામાં આમ આદમી પાર્ટી નું શાસન આવ્યું અને ભાજપનો કાયમી ચૂંટણીમાં રકાસ થતો હતો ત્યારે જ દિલ્હીની મહાસત્તામાં જયારે ભાજપ બેઠું ત્યારથી તેણે આમ આદમી પાર્ટી ના નેતાઓ અને પાલિકા ના શાસકો આવા પાલિકાના રાજનેતાઓ સામે કાવા દાવા શરૂ કરી દીધા હતા અને એનકેન પ્રકારે તેમને હરાવીને ભાજપ સત્તામાં કેમ આવે તેવા સપના જોવાના પણ શરૂ કરી દીધા હતા અને અંતે તેઓએ આમ આદમી પાર્ટીના નેતાઓને જેલવાસ કરાવડાયો અને પોતે ભાજપની સત્તા મેળવી અને પ્રજાને પણ એવી એક નાસીપાસ કરી દીધી કે તેમણે પણ અંતે ભાજપને વોટ આપવા માટે મજબૂર થવું પડ્યું અને એ રીતે ભાજપની આજે પાલિકા અસ્તિત્વમાં આવી છે પરંતુ આ આમ આદમી પાર્ટીના સુપ્રીમો અને નાયબ મુખ્યમંત્રી મનોજ સિસોદિયા ની ક્લિનચીત આવ્યા બાદ હવે કંઈક રાજનીતિના રંગોબદલાય તોનવાઈ નહીં અને આવા અંગ્રેજો જેવા શાસકોએ જે રીતે સત્તાનો દુરુપયોગ કરીને એક સાચા વ્યક્તિઓને જેલવાસ બતાવ્યો છે અને તેમની ઉપર ખોટા ભ્રષ્ટાચાર ના આરોપો લગાવ્યા હતા તે પ્રજાએ જોયુંછે અને હવે તેની અંદર મોટો ઉચ્ચકક્ષાએ બદલાવ આવતી ચૂંટણીઓમાં જોવા મળે તો નવાઈ નહી.



ચાર્ટર્ડ કેપિટલ એન્ડ ઇન્વેસ્ટમેન્ટ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ઝજીઇ હેઠળ અમારી સવિનય ઇન્ક્લુઝિવ સ્કૂલ, બાવળા, અમદાવાદ માટે સ્કૂલ બસનું દાન કર્યું છે. બસની કિંમત લગભગ ૩૨ લાખ રૂપિયા છે. આજે અમે શ્રી સાગર ભટ (પ્રમુખ), શ્રી જાવેદ સૈયદ (ઝર્હ્ીં), શ્રી નેવિલ શેઠ (ઝજી) ના સન્માનિત હસ્તે સ્કૂલ બસને લીલી ઝંડી આપી.શ્રી ક્ષિતિજભાઈ પટેલ (ઉપપ્રમુખ), ડૉ. ભૂષણ પુનાની (જનરલ સેક્રેટરી) અને બ્લાઇન્ડ પીપલ્સ એસોસિએશન (ઇન્ડિયા) ના નંદિની રાવલ (એક્ઝિક્યુટિવ ડિરેક્ટર) હાજર રહ્યા.પ્રવીણ મંદાકિની ભગવતી, સવિનય સંમિલિત વિદ્યાલય,બાવળા રાષ્ટ્રીય અંધજન મંડળ સંચાલિત શાળામાં દિવ્યાંગ તથા અંતરિયાળ ગામડાના કુલ ૪૪૦ બાળકો અભ્યાસ કરે છે.આ શાળામાં બાલમંદિર થી લઈને ધોરણ ૮ સુધી અભ્યાસ કરી શકે તેવી વ્યવસ્થા છે




ભારતીય મજદુર સંઘ દ્વારા અખિલ ભારતીય ત્રી વાર્ષિક અધિવેશન પુરી ઓરિસ્સા ખાતે યોજાયેલ તેમાં નક્કી થયા મુજબ તારીખ ૨૫/૨ /૨૦૨૬ ના રોજ ભારતભર માં દરેક જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આવેદન પત્ર આપવાની ઘોષણા કરવામાં આવેલ તે અનુસંધાને ગાંધીનગર જિલ્લા ભારતીય મજદુર સંઘ દ્વારા ગાંધીનગર જિલ્લા કલેકટર કચેરી ખાતે કલેકટરશ્રીને પણ આવેદનપત્ર તારીખ ૨૫ /૨ /૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી શૈલેષભાઈ જોશી મેરી ટાઈમ બોર્ડ માં મજદુર સંઘના અધ્યક્ષ શ્રી ઉમેશભાઈ દવે ગાંધીનગર જિલ્લા ના અધ્યક્ષ શ્રી પરેશભાઈ ચૌધરી તથા અન્ય જિલ્લાના હોદ્દેદારો દ્વારા આપી વિરોધ પ્રદર્શન કરવામાં આવેલ અને ગુજરાતના ૩૩ જિલ્લામાં આ કાર્યક્રમ કરવામાં આવશે આજરોજ તથા અખિલ ભારતીય લેવલે પણ બધા જ રાજ્યના બધા જ જિલ્લાઓમાં આ કાર્યક્રમ થશે.



સમસ્ત હિન્દુ સમિતિ કુડાસણ, ગાંધીનગર દ્વારા પવિત્ર મહાશિવરાત્રીના દિવસે શોભાયાત્રા અને વિરાટ હિન્દુ મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિશાળ શોભાયાત્રા હનુમાનજીના મંદિરેથી કાઢી કુડાસણની દરેક સોસાયટી પાસેથી પસાર કરી સરદાર ચોક સુધી કાઢવામાં આવી હતી. શ્રી ઉમિયા બંગ્લોઝ અને આજુબાજુની સોસાયટી પાસેથી રેલી પસાર થતાં વિશાળ સંખ્યામાં ભાઈઓ -બહેનોએ હાજર રહી ફૂલોથી સ્વાગત કરી શિવલિંગના દર્શનનો લાભ લીધો હતો.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# ગુજરાત બન્યું દેશનું સેમિકંડક્ટર હબ



## સાણંદ બનશે **દેશમાં સેમિકંડક્ટર ઈન્ડસ્ટ્રીનું** પ્રવેશદ્વાર
## ભારતનું **'સેમિકંડક્ટર ફેબ ફ્રન્ટિયર'** બનશે ધોલેરા SIR

રોકાણમાં મોખરેઃ સેમિકંડક્ટર સેક્ટરમાં ગુજરાતે અંદાજે ₹1.24 લાખ કરોડના પ્રોજેક્ટ કોસ્ટ સાથેના ઉદ્યોગો આકર્ષિત કર્યા છે, જે ભારતના કુલ મંજૂર થયેલ સેમિકંડક્ટર પ્રોજેક્ટ કોસ્ટના લગભગ 75%થી વધુ છે

સાણંદ - ATMP/OSAT હબઃ માઈક્રોન (₹22,516 કરોડ), સીજી સેમી (₹7,600 કરોડ) અને કેન્સ ટેક (₹3,300 કરોડ) જેવી મોટી કંપનીઓ સાથે સાણંદ દેશનું સૌથી મોટું ATMP/OSAT હબ બનવા જઈ રહ્યું છે

ધોલેરામાં ભારતનો પ્રથમ ફેબઃ ટાટા ઈલેક્ટ્રોનિક્સ દ્વારા ₹91,526 કરોડના પ્રોજેક્ટ કોસ્ટથી ધોલેરામાં ભારતનો પ્રથમ કૉમર્શિયલ ફેબ સ્થપાઈ રહ્યો છે, જેની ક્ષમતા દર મહિને 50,000 ચિપ્સ બનાવવાની હશે

રોજગારીની તકોઃ રાજ્યમાં 50,000 થી વધુ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો ઊભી થશે



### મુખ્ય વિશેષતાઓ

પ્રથમ રાજ્યઃ ગુજરાત સેમિકંડક્ટર નીતિ જાહેર કરનાર દેશનું પ્રથમ રાજ્ય છે, જે સેમિકંડક્ટર કંપનીઓને તમામ શક્ય પ્રોત્સાહન અને સુવિધાઓ પૂરી પાડે છે

ટૅકનૉલૉજીઃ ધોલેરા SIR ભારતના 'ફેબ ફ્રન્ટિયર' તરીકે ઉભરી રહ્યું છે. ટાટા ઈલેક્ટ્રોનિક્સના વિશાળ પ્લાન્ટમાં 28 નેનોમીટરની ચિપ્સનું ઉત્પાદન થશે, જે ભારતના ઔદ્યોગિક ઈતિહાસમાં નવો અધ્યાય લખશે

ઈન્ફ્રાસ્ટ્રક્ચરઃ ધોલેરાની વિશાળ જમીન, સમર્પિત પાણી અને ગેસ ગ્રીડ અને આગામી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તેને ભવિષ્યના 'સેમિકંડક્ટર-રેડી' સ્માર્ટ સિટી તરીકે સ્થાપિત કરશે

શૈક્ષણિક મૉડલઃ રાજ્યની 118 એન્જિનિયરિંગ કૉલેજો અને 16 યુનિવર્સિટીમાંથી દર વર્ષે બહાર પડતા 50,000 થી વધુ એન્જિનિયરોને ઉદ્યોગ માટે સજ્જ કરવા SAMARTH અને ChipIN જેવા અત્યાધુનિક મૉડલ વિકસાવવામાં આવી રહ્યા છે

કૌશલ્યવર્ધનઃ IIT ગાંધીનગર ખાતે ₹194.21 કરોડના ખર્ચે કાર્યરત 'SAMARTH' પ્રોજેક્ટ હેઠળ આગામી 5 વર્ષમાં 2,600 થી વધુ નિષ્ણાત એન્જિનિયરો તૈયાર કરવામાં આવશે

## માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી વિઝનથી ગુજરાતે સેમિકંડક્ટર ક્ષેત્રે નવો ઈતિહાસ રચ્યો છે

વૈશ્વિક સ્તરે સેમિકંડક્ટર મેન્યુફેક્ચરિંગના શ્રેષ્ઠ સ્થળ તરીકે ગુજરાતને પ્રસ્થાપિત કરવા અમે પ્રતિબદ્ધ છીએ. વ્યૂહાત્મક ભાગીદારીના માધ્યમથી ગુજરાતને ભારતનું સિલિકોન ઉદ્યોગનું પ્રવેશદ્વાર બનાવીશું

**- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત



Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat